# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૯ થી ૨૦ નવેમ્બર, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| | વાસ્તવિક વરસાદ | | | | | | | | | ભારતીય હવામાન શાખાની આગાહી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નવેમ્બર | | | | | | | | | | | | |
| **તારીખ** | ૩–૯ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| **ગુજરાત** | | | | | | | | | | | | | |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાંબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**સલાહ**

સુરત ખાતે કપાસનો પાક જીંડવા પાકતી અવસ્થાએ છે. કેટલાંક સ્થળોએ લીલાં તડતડીયાંનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ નોંધાયેલ છે. કેટલાંક વિસ્તારોમાં ખૂણિયા ટપકાંનો રોગ નોંધાયેલ છે. જુનાગઢ ખાતે પાક જીંડવા ફાટવાની અવસ્થાએ છે. કેટલાંક સ્થળોએ લીલાં તડતડીયાં અને સફેદ માખીનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ નોંધાયેલ છે. પાકની આ અવસ્થાએ ચૂસીયાં પ્રકારની જીવાતોનાં નિયંત્રણ માટેનાં પગલાં આર્થિક રીતે ફાયદાકારક નથી. નવોં સુકારો (પેરા વીલ્ટ) અને પાન લાલ થવાની સમસ્યા પણ જોવા મળેલ છે. ભલામણ કરેલ પગલાંની (કપાસ પાક તંદુરસ્તી વ્યવસ્થાપન–૨૦૧૬ મુજબ) શરૂઆત કરવી. ગુલાબી ઈયળની મોજણી માટે હેકટર દીઠ ૫–૬ ફેરોમોન ટ્રેપ લગાડવા અને સતત ત્રણ રાત્રિ સુધી ૮ ફુદાં પ્રતિ ફેરોમોન ટ્રેપની આર્થિક ક્ષમ્ય માત્રાએ ભલામણ કરેલ દવાનો છંટકાવ કરવો. સુરત ખાતેથી ભરૂચ જીલ્લાંનાં ૮ ગામડાંઓમાં મોજણી કરતાં ચાંડીયા, ચાસવડ, પીઠોર અને દહેલી ગામોનાં બે સ્થળોએ લીલાં તડતડીયાંનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ જોવા મળેલ હતો અને જુનાગઢ ખાતેથી ૩ ગામડાંઓમાં મોજણી કરતાં કોઈપણ જીવાતનો આર્થિક ક્ષમ્ય માત્રાથી વધુ ઉપદ્રવ નોંધાયેલ નથી.

**ગુલાબી ઈયળની મોજણી અને નિયંત્રણ :**

દર ૩ દિવસનાં આંતરે એક વખત ગુલાબી ઈયળનાં ફુદાંની મોજણી કરવી. જો પકડાતાં ફુદાંની સંખ્યા ૩ દિવસ બાદ દરેક ખેતરમાં ફેરોમોન ટ્રેપમાં ૧૨ નર ફુદાં પ્રતિ ફકત ૨ ફેરોમોન ટ્રેપમાં નોંધાય તો સામુહિક રીતે ફુદાંઓ પકડીને નાશ કરવા માટે એકર દીઠ ૩૦ ફેરોમોન ટ્રેપ લગાડવા અથવા આઈસીએઆર–એનબીએઆઈઆર, બેંગ્લોર ખાતેથી મેળવેલ ઈંડાના પરજીવી, ટ્રાઈકોગામેટીડી બેકટરી કુદરતી નિયંત્રણ માટે છોડવા. મધ્ય ઓકટોબરથી મધ્ય ડીસેમ્બર સુધી દર અઠવાડિયે ખેતરમાંથી અસ્તવ્યસ્ત પધ્ધતિથી પસંદ કરેલ ૨૦ છોડમાંથી આશરે ૨૦ લીલાં જીંડવાઓ તોડીને તેમાં ગુલાબી ઈયળની હાજરી અને નુકશાનની ચકાસણી કરવી. ગુલાબી ઈયળની હાજરી સહિત જો લીલાં જીંડવામાંથી ૧૦ થી ૧૫% કાલાંઓમાં નુકશાન જોવા મળે અને અથવા જો ફેરોમોન ટ્રેપમાં પકડાતાં ફુદાંની સંખ્યા ૩ દિવસ બાદ ૧૨ નર ફુદાં પ્રતિ ફેરોમોન ટ્રેપ ખેતર દીઠ ફકત ૨ ફેરોમોન ટ્રેપમાં નોંધાય તો સામુહિક રીતે ફુદાંઓ પકડીને નાશ કરવા માટે એકર દીઠ ૩૦ ફેરોમોન ટ્રેપ લગાડવા અથવા સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાનો એક છંટકાવ કરવો. ડીસેમ્બર મહિનામાં દવાનો છંટકાવ ફકત છોડ ઉપર પ્રતિ છોડ ૮–૧૦ જીંડવા જોવા મળે તેવા પિયત વિસ્તારનાં ખેતરમાં કરવો. સંપુર્ણ ખુલી ગયેલાં જીંડવાઓમાંથી કપાસની વીણી કર્યા બાદ જ છોડ ઉપર રહેલ લીલાં જીંડવામાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ અટકાવવા જ દવાનો છંટકાવ કરવો. સફેદ માખી અને લીલી ઈયળનું પુનઃરુત્થાન (રીસર્જન્સ) થતું અટકાવવા સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાનાં ફકત એક થી બે જ છંટકાવ જરૂરીયાતનાં મુજબ કરવા.

| નોંધ | વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૦–૫૦ | ૫૦–૮૦ | > ૮૦ |
|---|---|---|---|---|---|---|

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm

\\2015-09\d\HRDESAI 2014-15\Weekly Advisory_Translation\2016-17\Gujarati 9 to 20 NOV 2016.docx